Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

# રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને સ્વાતંત્ર્ય સેનાની મૂળદાસ વૈશ્ય

ડૉ.લલિત કે વાઘેલા; એમ.એ.,એમ.એડ્,પીએચ.ડી,જીસેટ-ઇતિહાસ
મો. : 8320928722 Email : lalitvaghela87@gmail.com

**Abstract :**

*ગાંધીજીએ વિદેશી હકૂમતની ગુલામીમાંથી દેશને આઝાદ કરાવવા માટે જે અહિંસક લડત ઉપાડી તેમાં પ્રજાશક્તિની સામુહિક ચેતનાનું નેતૃત્વ આપ્યું અને તેમાં સંપન્ન શ્રીમંતોએ સર્વસ્વ છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝુકાવ્યું તો અહિંસક એવા અનુસૂચિત જાતિ સમાજે પણ માતૃભૂમિ માટે પોતાનું સર્વસ્વ કુરબાન કર્યું છે. તેની પ્રતિતી અનુસુચિત જાતિના સ્વાતંત્ર્ય સૈનિકોનાં પ્રેરક ગાથામાંથી થાય છે. ગાંધીયુગનાં આંદોલનમાં દેશની સ્વતંત્રતા માટે લડનારા અનુસુચિત જાતિના સ્વાતંત્ર્ય સેનાનીઓનું ઈતિહાસમાં કોઈ જ સ્થાન નથી આ કાયમ માટે ઇતિહાસના એક વિદ્યાર્થી તરીકે ખૂંચતું હતું. અંતર મનમાં એક વેદના હતી કે જે અસ્પૃશ્ય સમાજનાં લોકો દેશની આઝાદી માટે ખાતર થઈને ખપી ગયાં તેના વિશે કશી જ જાણકારી નથી. પ્રબુદ્ધ નાગરિકોને જાણવાનો અધિકાર છે. પરિણામ સ્વરૂપ આ સંશોધન પેપરમાં ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર ગુજરાતનાં અનુસૂચિત જાતિના અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ પૈકી મૂળદાસ વૈશ્યનું રાષ્ટ્રની આઝાદીના વિવિધ આંદોલનો અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓમાં યોગદાન વિશે માહિતી પ્રસ્તુત કરી આચમન કરાવવાનો અહીં ઉપક્રમ રહ્યો છે જે અહીં સાદર પ્રસ્તુત છે.*

**Key words :** *૧. રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ, ૨. સ્વાતંત્ર્ય સેનાની, ૩. ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ.*

પૂર્વભૂમિકા:-

" હડધૂત થઈ હળવો પડ્યો, જીવન પશુના તુલ્ય છે, અવતાર લીધો હિંદમાં, એ શું અમારી ભૂલ છે' પ્રસ્તુત પંક્તિ મુજબની પરિસ્થિતી આ દેશમાં જ્યારે દલિતોની હતી ત્યારે વડોદરાનાં મહારાજા સયાજીરાવ ગાયકવાડની દલિત ઉત્કર્ષની પ્રવૃતિઓને પરિણામે ગુજરાતમાં દલિતોમાથી જ નેતૃત્વને પાંગરવાની એક તક મળી હતી. તેમાનાં એક પ્રખર ગાંધીવાદી દલિત નેતા જે ગુરુજીનાં હુલામણા નામે જાણીતા એવા મૂળદાસ ભૂદરદાસ વૈશ્ય હતા. મૂળદાસ વૈશ્ય મહાત્મા ગાંધીજી સાથે ખુબજ ગાઢ રીતે જોડાયેલાં હતાં. ગુજરાત દલિત સમાજ સંગઠન અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ સાથે સંકળાયેલાં મૂળદાસ વૈશ્યનું અમદાવાદ મિલમજૂર

હડતાળ,૧૯૩૦ની લડતમાં અને આઝાદીની અંતિમ લડાઈ સમાન હિંદ છોડો ચળવળમાં પણ મહત્વનું યોગદાન હતું એટલું જ નહીં પરંતુ આઝાદી બાદ દલિતોનાં સામાજિક ન્યાય અને અધિકારોની લડત સમાન અનેક આંદોલનો જેવા કે હોટેલ પ્રવેશ આંદોલન, મોટર-બસ સત્યાગ્રહો, ડાકોર અને કાળુપુર મંદિર પ્રવેશ આંદોલન જેવાં અનેક આંદોલનમાં સક્રિય ભૂમિકા નિભાવીને ગાંધી ચિંધ્યા માર્ગે દલિતોની સમસ્યાઓનું સમાધાન લાવવાના પ્રયાસોમાં સતત પ્રવૃત રહ્યાં હતાં. આમ વંચિતોનાં વણોતર એવાં મૂળદાસ વૈશ્ય બહુ-આયામી વ્યક્તિત્વનાં ધની હતાં પરંતુ તેમનું આલેખન મોટાભાગે ગાંધીવાદી દલિત નેતા અને સુધારક સમાજ તેમજ ગાંધીજીનાં પાયાનાં રચનાત્મક કાર્યકર સુધીનાં સીમિત સીમાડાઓમાં જ થયું હોય એમ જણાય છે ત્યારે તેમનું આઝાદીનાં આંદોલનમાં યોગદાન વિષે બહુધા ઓછી માહિતી પ્રસ્તુત છે ત્યારે અહીં ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામનાં વિવિધ પડાવ રૂપી મહત્વનાં આંદોલનોમાં તેમનાં યોગદાનની માહિતીનાં આધારે મૂળદાસ વૈશ્યને સ્વાતંત્ર્ય સેનાની તરીકે પ્રસ્તુત કરવાનો અહીં ઉપક્રમ રહ્યો છે ત્યારે સૌ ઇતિહાસ અભ્યાસુ રસિકો અને પ્રજ્ઞપાઠકોને માટે મારો આ નમ્ર પ્રયાસ સાદર પ્રસ્તુત છે.

જન્મ અને ઘડતર :-

મૂળદાસ વૈશ્યનો જન્મ ૧૬, ઓગષ્ટ ૧૮૯૪નાં રોજ વિસનગર (વર્તમાન ખેરાલુ) તાલુકાનાં ઉમતા ગામમાં એક દલિત પરિવાર માતા હરિમા અને પિતા ભુદારદાસ વૈશ્યને ત્યાં થયો હતો.[૧] તેમનું બાળપણ માતાનાં હાથમાં જ એ સમયનાં ગાયકવાડી સરકારનાં તાબા હેઠળનાં મહેસાણા પ્રાંતમાં સમાવેશ પામતાં વતન ઉમતામાં જ ઉછેરાયું હતું. મુળદાસ વૈશ્યનો પરિવાર વણકર વૈષ્ણવ સાધુ હોવાથી ગુરુપદ ભોગવતા હતાં. તેમનાં પિતા કર્મકાંડ કરતાં હતાં જ્યારે મુળદાસ વૈશ્ય બાળપણમાં લાકડાં, છાણાં ભેગું કરતાં અને ભેંસો પણ ચારતા હતાં. મૂળદાસ વૈશ્યનું લગ્ન બાળવયની નાની ઉંમરે જ ઉમતા ગામથી ૩ માઈલનાં અંતરે આવેલા જાસ્કા ગામનાં લવજીભાઇની પુત્રી શિવિ સાથે થયું હતું અને તેમનું પુનઃ લગ્ન ઇ.સ. ૧૯૧૯માં નરસિહભાઈની વચેટ કન્યા સાથે થયું હતું અને આ કન્યા એકદમ અક્ષરજ્ઞાન વિહોણાં હતાં આથી મુળદાસ એમને પણ ભણાવવામાં લાગી ગયાં હતાં. એમને પણ ભણવામાં રસરુચિ પડવાથી ઝડપથી લખતાં-વાંચતાં શીખી ગયાં. મૂળદાસે તેમની હસ્તલિખિત ડાયરીમા લખ્યું છે. “મને બચપણથી જ ધર્મ અને દલિત પ્રવૃતિમાં રસ લગાડનાર પંડિત આત્મારામજી હતાં. તેઓ એક ચુસ્ત આર્ય સમાજી મિશનરી હોવા ઉપરાંત દલિતોનાં સાચાં બેલી હતાં. તેમનાં બાળબચ્ચાંની સાથે મને પણ તેમનો છઠ્ઠો પુત્ર ગણતાં હતાં.”[૨] વિનયી, વિવેકી, સ્વચ્છતાનાં આગ્રહી અને અહિંસક

Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

વિચારનાં મૂળદાસ વૈશ્યે ઇ.સ.૧૯૧૫માં વડોદરાથી "અંત્યજ સુધારક" શીર્ષકથી પુસ્તિકા પણ લખી હતી. વડોદરામાં તેમનું સાચું ઘડતર આર્ય સમાજી આગેવાન આત્મારામ અમૃતસરીએ કર્યું હતું.[3]

મૂળદાસ વૈશ્યનું પ્રારંભિક શિક્ષણ:-

મુળદાસ શરૂઆતમાં ગરોડિયા મિત્ર પાસે અભ્યાસ કરવાં ગયાં. એક સપ્તાહમાં ગરેડીયા ભણતર શીખી લીધું પરંતુ તેમને તો ગુજરાતી અભ્યાસની જરૂર પણ હતી. પરંતુ આ સમયે તો સામાન્ય વર્ગની નિશાળોનાં દરવાજાઓ દલિતો માટે બંધ હતાં. તે વખતની ભયંકર આભડછેટને લીધે સરકારી સ્કૂલમાં કોઈ અંત્યજ વિદ્યાર્થીને દાખલ ન કરતાં. પરિણામે મુળદાસને અંત્યજ શાળામાં જ ભણવું પડ્યું હતું. આમ છતાં મુળદાસ વૈશ્યનાં અભ્યાસ માટે તેમનાં પિતા પ્રતિબધ્ધ હતાં. ઇ.સ.૧૯૦૫માં મુળદાસ વિસનગરની એક શાળામાં દાખલ થયાં. તેમાં પછાત વર્ગની એક શાળાનાં શિક્ષક અંબાજી વહાલજી પરમારનો સહકાર મળ્યો હતો. અને વિસનગરની અંત્યજ શાળામાં જ ધોરણ છ સુધી ગુજરાતી અભ્યાસ પુરો કર્યો. ઇ.સ.૧૯૦૫-૦૬મા વડોદરાનાં ગાયકવાડ સરકારે દાખલ કરેલ ધારો પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાતનાં અમલ અને વહીવટ માટે અમૃતસરથી પંડિત આત્મારામ અમૃતસરી આવ્યાં હતાં. જે ગામડાઓમાં ફરીને ગરીબ વાલીઓને સમજાવીને તેમનાં બાળકોને અંત્યજ વસતિગૃહમાં અભ્યાસ માટે લઈ આવતાં હતાં.[૪] વિસનગરની અંત્યજ શાળાની મુલાકાત દરમ્યાન આત્મારામ અમૃતસરી વિદ્યાર્થીઓને માંસ,દારૂ તથા બીડીનાં વ્યસનથી દૂર રહેવાનો આપેલો બોધપાઠ મૂળદાસે કાયમ માટે જીવનમાં ઉતાર્યો હતો. ઇ.સ. ૧૯૧૦મા વડોદરા જવા નીકળ્યા અને વડોદરાનાં અંત્યજ વસતિગૃહમાં દાખલ થયાં અને અંગ્રેજી ૩ ધોરણનો અભ્યાસ ત્યાં જ કર્યો આ સમયે તેમનાં અંગ્રેજી શિક્ષક મામાસાહેબ ફડકે હતાં. જેના સૌથી માનીતા આદર્શ વિદ્યાર્થી હતાં.[૫] આભડછેટનાં એ યુગમાં અંત્યજશાળાની પરીક્ષાઓ સરકારી હાઈસ્કૂલનાં શિક્ષકો લેતા હતા તેઓ આ અંત્યજ વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ માટે ના જાય એવી મેલી મુરાદ સાથે તેમને પાસ થવા દેતાં જ નહીં. પરંતુ અહીં બીના કઇંક અલગ જ બને છે ને આત્મારામ અમૃતસરીનાં પ્રયત્નોથી મુળદાસને પાસ કરવાં પડ્યા હતાં, અને ઇ.સ. ૧૯૧૩નાં અરસામાં વિરોધ વચ્ચે પણ વડોદરાની સરકારી હાઇસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં તથા તેમનાં પ્રવેશથી અશ્પૃશ્યતાનો કીડો ફરી સળવળી ઉઠ્યો અને શાળામાં હડતાળ પડી હતી. સને ૧૯૧૩માં વડોદરાની સરકારી હાઇસ્કૂલમાં અનિચ્છાએ પણ મૂળદાસને દાખલ કરવામાં આવ્યાં ત્યારે હાઇસ્કૂલમાં સખત હડતાળ પાડવામાં આવી હતી. આ વાતની જાણ મહારાજા સયાજીરાવ

Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

ગાયકવાડને થતાં તેમણે તાબડતોબ જે સરકારી અમલદારોનાં છોકરાઓએ હડતાળમાં ભાગ લીધો હતો તેમનાં નામ-સરનામાં મંગાવ્યા અને હુકમ કર્યો કે હાઇસ્કૂલનાં બધા જ શિક્ષકો ભેગા થઈ મૂળદાસને ભણાવે. આના પરિણામે હડતાળ ફક્ત ત્રણ જ દિવસમાં પૂરી થઈ ગઈ. મુળદાસને કસરતનાં પિરિયડ વખતે જવા આવવા માટે બધા વિદ્યાર્થીઓથી છેલા ચાલવું પડતું હતું. અને તેમનાં માટે અલગ ખાસ મૂકવામાં આવેલી પાટલી એ જ બેસવું પડતું હતું. તેમજ વર્ગમાં સૌથી પહેલાં આવવાનું અને સૌથી છેલ્લે નીકળવાનું રહેતું હતું. વર્ગમાં અને આખી હાઇસ્કૂલમાં સૌ કોઈ તેમને 'ઢેડા' તરીકે જ ઓળખતું હતું. વિદ્યાર્થીઓની આભડછેટ તો ધીમે ધીમે ઓછી થઈ પરંતુ શિક્ષકો અને પાણીવાળાની આભડછેટ છેક મેટ્રિક સુધી રહી હતી. પાણી પીવાનું તો તેમને રિસેસનાં સમયે નજીકનાં વડોદરા સ્ટેશનનાં જાહેર નળેથી જ પીવાનું રાખ્યું હતું.

આમ સંઘર્ષ કરતાં તેઓ મેટ્રિકનાં અભ્યાસ સુધી પહોંચી ગયાં. ઇ.સ ૧૯૧૬નાં અરસામાં મેટ્રિકની પરીક્ષાઓ આપવા માટે મુંબઈ જવું પડતું હતું. બરાબર આ જ અરસામાં મુંબઈમાં મુળદાસ વૈશ્યની મુલાકાત અમરેલી પ્રાંતનાં જાગૃત દલિતો જે પહેલેથી જ મુંબઈમાં વસવાટ કરતાં હતા એવા બંધુબેલડી સામંત-શ્યામજી નાનજી મારવાડીની સાથે અને ગોવિંદભાઇ ટાભાભાઈ પરમાર સાથે થઈ અને તેમની સાથે શિક્ષણની ચર્ચાઓ પણ થઈ હતી.[૬]

મુળદાસ વૈશ્યની ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત કોચરબ આશ્રમમાં:-

મેટ્રિકની પરીક્ષા મુળદાસ વૈશ્ય પાસ કરી શક્યાં ન હોવાથી તેઓ ઇ.સ.૧૯૧૭માં અમદવાદમાં પરીક્ષાનું કેન્દ્ર રાખીને ફરી વખત પરીક્ષા આપવા માટે ગયાં હતાં. મુળદાસ આ સમયે મામા સાહેબ સાથે ખુબજ નજીકનાં પરિચયમાં હોવાથી તેમણે મુળદાસ વૈશ્યની ગાંધીજી સાથે પ્રથમ વખત મુલાકાત અમદાવાદમાં પાલડીમાં આવેલા શેઠ જીવણલાલનાં બંગલામાં જ્યાં આ કોચરબ આશ્રમ હતો ત્યાં લઈ ગયાં અને મુળદાસની ઓળખાણ મામાસાહેબ ફડકેએ ગાંધીજી સાથે કરાવી હતી. અને આ સમયે ચર્ચા દરમ્યાન ગાંધીજીએ કહ્યું કે "તું મેટ્રિકની પરીક્ષા પસાર કરી સેંકડો સવર્ણ વિદ્યાર્થીઓની માફક કૉલેજમાં જઈને ડિગ્રી મેળવીશ અને તારા તરફ ગાયકવાડ સરકારનાં મહારાજા સયાજીરાવની કૃપા દ્રષ્ટિ છે એટલે સારો હોદો મળશે પરંતુ તારી જાતિનું શું?" [૭]

મુળદાસ વૈશ્યનાં જીવન પર બે મહાન વ્યક્તિઓના વ્યક્તિત્વની અસર હતી. જેમાં દેશનાં રાષ્ટ્રીય નેતા ગાંધીજી અને વડોદરાનાં પંડિત આત્મારામ અમૃતસરીનો સમાવેશ થાય છે. આ બંનેમાંથી મુળદાસ વૈશ્ય ગાંધીજીનાં વિચારો તથા કાર્યોથી વધુ પ્રભાવિત થઈને તેમનાં

પગદંડી એ ચાલવા નીકળી પડ્યાં. આ સમયે આત્મારામ અમૃતસરીનાં સહકારથી ગરોડા સંસ્કૃત પાઠશાળામાં શિક્ષક તરીકે જોડાયાં અને આગળ અભ્યાસ કરવાની વ્યવસ્થા પણ ગોઠવી આપી હતી.પરંતુ આ સંસ્થામાં અઢાર મહિના જેટલો સમય પસાર કરીને ગાંધીજી સાથેની પ્રથમ મુલાકાત વખતેના પેલા શબ્દો યાદ કરીને વડોદરા છોડીને પોતાનાં વતન ઉમતા ગયાં. વતન ઉમતામાં જઈને વણાટનાં વ્યવસાયને અપનાવ્યો અને શરૂઆતમાં ટીકાને પાત્ર પણ બન્યાં હતાં. તેમ છતાં પોતાનાં સુખદ જીવનની પરવા કર્યા વગર પોતાનાં સમાજનાં ઉધ્ધાર માટે ગાંધી ચિંધ્યા માર્ગે અનેક મુશ્કેલીઓનો સામનો કરતાં સમાજ સેવાનો ભેખ ધારણ કર્યો.

અમદાવાદનાં મિલ મજૂરોની હડતાળ :-

અમદાવાદની માણેકચોકનાં માલિકોએ વણકારોને પૂરતું બોનસ ન આપતાં તેઓએ હડતાળ પાડી. એટલે મુળદાસ વૈશ્યના માર્ગદર્શનથી મજૂરોએ દુધેશ્વરની ટાંકીઓ તૈયાર કરવામાં હડતાલી મજૂરો ને જોડીને જાતમહેનતનો બોધપાઠ આપ્યો. તેમણે આ શ્રમિક કાર્યમા જોડાઈને આચાર-વિચારમાં એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત હડતાલી મજૂરોને સાબરમતી આશ્રમનાં શ્રમિક કાર્યમાં પણ રોક્યાં અને તેઓ પોતે પણ જોડાઈને જાત મહેનતના આદર્શને બરાબર પચાવ્યાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપ્યું હતું.[૮]

ઇ.સ.૧૯૩૦ની લડતમાં ધરપકડ અને ભોગવેલ જેલવાસ :-

દેશની આઝાદીની લડત માટેની રાષ્ટ્રીય ચેતનાની લહેરખી દેશનાં ચારેય બાજુનાં ખૂણે ખૂણે પ્રસરી હતી. એવામાં આ ગાંધીવાદી અનુયાયી મુળદાસ વૈશ્ય એમાથી કઈ રીતે બાકાત રહી શકે? મુળદાસ વૈશ્ય ગાંધીજીનાં રાહબર નીચે આઝાદીની લડતમાં અનેક રચનાત્મક પ્રવૃતિઓનાં સાક્ષી બન્યાં હતાં. જેમાં એક વખત ગાંધીજીનાં નેતૃત્વમાં દારૂબંધી બાબતે ચાલતી એક રેલીમાં શ્રીવણકર વિદ્યાર્થી આશ્રમનાં વ્યવસ્થાપક ખાસ બજારમાં દારુનાં પિકેટિંગની ક્રાંતિકારી પ્રવૃતિ કરતાં હતાં. આ સમયે ૭ જુલાઇ ૧૯૩૦નાં રોજ મુળદાસ વૈશ્યની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને એક માસનો જેલવાસ અને વીસ રૂપિયાનાં દંડની સજા કરવામાં આવી હતી.[૯]

આઝાદીની અંતિમ લડત સમાન ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ:-

આઝાદીની અંતિમ લડત સમાન ૧૯૪૨ની હિન્દછોડો લડતમાં પણ મુળદાસ વૈશ્યએ સક્રિય આગેવાની લીધી હતી.

પ્રખર ગાંધીવાદી -રચનાત્મક કાર્યકર તરીકે મૂળદાસ વૈશ્યની પ્રવૃતિઓ :-

Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

૪ ડિસેમ્બર ૧૯૨૦નાં રોજ સ્થપાયેલ મજૂર મહાજન સંઘમાં કેટલાક દલિત આગેવાનોને જોડવામાં
આવ્યાં હતાં અને એક અંત્યજનાં કાચા તારથી મજૂર મહાજનને મજબૂત કરવામાં સૌ વ્યસ્ત બની ગયાં હતાં. મજૂર મહાજનમાં કામ કરતાં કપિલદાસભાઈ મકવાણાએ પત્ર લખીને મુળદાસ વૈશ્યને ત્યાં આવી જવા જણાવ્યું હતું પરંતુ પોતાનાં વતનમાં જ સમાજોધ્ધારની પ્રવૃતિમાં વ્યસ્ત રહેતાં મૂળદાસે ત્યાં જવા માટે તૈયાર થયા નહીં. પરંતુ પાછળથી અનસૂયાબેન સારાભાઇ તથા શંકરલાલ બેંકરનાં આગ્રહથી પોતાનાં વતન ઉમતા છોડીને મુળદાસ અમદાવામાં ગયાં અને ત્યાજ સ્થાયી પણ થયાં.[૧૦] આ સમયે જ ૧૬ ઓગષ્ટ ૧૯૨૧નાં રોજ અનસૂયા બહેનનાં વરદ હસ્તે “વણકર વિદ્યાર્થી આશ્રમ” નામક સંસ્થાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમાં મૂળદાસ વૈશ્ય ગૃહપતિ તરીકે જોડાયાં અને તેમનાં એકમાત્ર પહેલાં વિદ્યાર્થી નાનકદાસ કાંટિયાને લઈને એક રાત પસાર કરી હતી. અમદાવાદ અને આજુબાજુના અંત્યજોમાં શિક્ષણનું પ્રમાણ બહુ જ ઓછું હોવાથી તેમને આશ્રમ માટે વિદ્યાર્થીઓ મળવા મુશ્કેલ થઈ પડ્યું હતું. અને તેઓ આશ્રમ માટે વિદ્યાર્થીઓ મેળવવા માટે જાતે ગામડે-ગામડે ફરતાં અને વિદ્યાર્થીઓની આશ્રમમાં ભરતી કરતાં હતાં. મૂળદાસે આ આશ્રમમાં ૧૯૨૧ થી ૧૯૩૮ સુધી માસિક ૬૦ રૂપિયાનું વેતન લઈને કામ કરેલું. તેઓ છાત્રાલયમાં અંત્યજ બાળકોને કાંતણ, પીંજવું અને વણાટકામ જેવું જીવન શિક્ષણનું શ્રમ ત્રણ કલાક સુધી કરાવતાં હતા.

મુળદાસ વૈશ્ય ગાંધીજીનાં રાહબર નીચે આઝાદીની લડતમાં અનેક રચનાત્મક પ્રવૃતિઓનાં સાક્ષી બન્યાં હતાં.૧૯૩૦ની ચળવળમાં દારૂબંધીનું પિકેટિંગ કરતાં એક માસની જેલ યાત્રા પણ ભોગવી હતી. ૨૯ જૂન ૧૯૩૪માં જ્યારે ગાંધીજી મુળદાસ વૈશ્યને મળવા માટે મજૂર ઓફિસ મિરજાપુરમાં આવ્યા ત્યારે ગાંધીજીનાં રંગે રંગાયેલા મૂળદાસે ગાંધીજીનાં સ્વાગત પ્રવચનમાં ટૂંકું વક્તવ્ય આપીને રૂપિયા પાંચ હજાર એક (૫૦૦૧)ની થેલી ગાંધીજીનાં ચરણોમાં રાષ્ટ્રીય ચળવળ માટે અર્પણ કરી હતી.[૧૧]

મૂળદાસે આઝાદીની લડતમાં અંત્યજોમાથી ફંડ ભેગું કરીને ગાંધીજીને આપ્યું ત્યારે ગાંધીજીએ જે શબ્દો ઉચ્ચાર્યાં હતાં તેનું મૂળદાસે પુરેપુરુ પાલન કર્યું હતું. તેમણે અંત્યજો પોતે સ્વાવલંબી બને અને પોતાનાં હક્કો માટે સંગઠિત બનીને અહિંસક આંદોલન દ્વારા તે મંજૂર કરવાની સરકાર અને સમાજને ફરજ પાડે તેવો અનુરોધ કર્યો. તેમણે અંત્યજોને સુઘડ અને સ્વચ્છ રહેવા, ખાદી પહેરવાં, આંતરિક ભેદભાવ મિટાવીને પોતે જ ઉત્પન્ન કરેલી વસ્તુઓનો જ ઉપયોગ

કરવાં જણાવ્યું હતું. આમ મુળદાસ વૈશ્યની સામાજિક ભાવના સાથે રાષ્ટ્રીય ભાવનાઓ પણ એટલી જ પ્રબળ હતી જેના દર્શન આપણને તેમણે કરેલી વિવિધ ગાંધીવાદી રચનાત્મક પ્રવુતિઓ થકી થાય છે.

આઝાદી બાદ ગાંધીચિંધ્યા માર્ગે દલિતોનાં સમાનતાનાં અધિકારો અને સામાજિક ન્યાય માટે મુળદાસ વૈશ્યએ કરેલાં સત્યાગ્રહો :-

મુળદાસ વૈશ્યએ અંત્યજોને સમાનતાના અધિકારો અને સામાજિક ન્યાય અપાવવા માટે અનેક પ્રયત્નો કર્યા હતાં જેના ભાગરૂપે તેમને અંત્યજોને જાહેર સ્થળો, જાહેર મંદિરો, જાહેર હોટલો તેમજ જાહેર વાંચનાલયો વગેરેનો ઉપયોગ કરી શકે અને તેમને સામાજિક ન્યાય મળે તે માટે મુળદાસ વૈશ્યએ સત્યાગ્રહનો આશરો લીધો હતો. જેમાં કલોલ-સરઢવ બસ સત્યાગ્રહ, હોટલ પ્રવેશ આંદોલન, ડાકોરમાં મંદિર પ્રવેશ આંદોલન તેમજ બહુજ ચર્ચિત કાલુપુર સ્વામિનારાયણ મંદિર પ્રવેશનાં આંદોલન અને તેનાં પરિણામ સ્વરૂપ મંદિર તરફથી દાખલ કરેલ દાવાનો ૧૮ વર્ષે અશ્પૃશ્યોની તરફેણમાં સુખદ ચુકાદો આવ્યો હતો. આ ઉપરાંત તેમણે ગુજરાતનાં દલિતોના અધિકારો અને સ્વાભિમાનની ઐતિહાસિક લડાઇઓ સમાન બસ-મોટર અને હોટલ તથા મંદિર પ્રવેશ આંદોલનોમાં પણ સક્રિય ભૂમિકા નિભાવીને દલિતોને તેમનાં અધિકારો ગાંધી ચિંધ્યા માર્ગે અપાવવામાં મહત્વનુ યોગદાન આપ્યું હતું.

મૂળદાસ વૈશ્યનાં પ્રયત્નોથી પસાર થયેલાં કેટલાક સુધારાલક્ષી કાયદાઓ :-

૧. મૂળદાસ વૈશ્યનાં પ્રયત્નોથી તે વખતનાં મુંબઈ પ્રાંતનાં મુખ્ય પ્રધાન બી.જી. ખેરે ઇ.સ. ૧૯૩૮માં અંત્યજો માટે હોટલ પ્રવેશ કાયદો પસાર કર્યો હતો. અંત્યજો બસમાં મુસાફરી કરી શકતાં નહોતાં આથી મુળદાસનાં પ્રયત્નોથી મુંબઈની કોંગ્રેસ સરકારે ૧૯૪૭માં ‘ ધી હરિજન રીમુવલ ઑફ સોશ્યલ ડિઝેબિલિટીઝ એકટ’ પસાર કર્યો હતો તેથી અંત્યજોમાં નવી આશાઓનો સંચાર થયો હતો.

૨. આઝાદી પછી વર્ષોથી સર્વ રીતે હડધૂત થયેલાં અંત્યજોને અન્ય હિન્દુઓની જેમ જ સમાન ધોરણે લાવવા

માટે તે વખતની સરકારે કેટલાક કાયદાઓ પસાર કર્યા હતાં. જેમાં ૧૯૪૭નાં કાયદા નં ૩૫ વડે અંત્યજોને અન્ય હિન્દુઓની સાથે ધાર્મિક સ્થળોમાં દર્શન કરવાનો સમાન દરજ્જો આપવામાં આવ્યો હતો. આ કાયદાથી અમદાવાદનાં દલિતોએ મકરસંક્રાંતિ તા.૧૪ જાન્યુઆરી ૧૯૪૮નાં દિવસે અમદાવાદનાં મોટા મંદિરો કાળુપુરનું સ્વામિનારાયણ મંદિર અને સારંગપુરમાં આવેલાં રણછોડરાયનાં મંદિરમાં પ્રવેશ કરીને સમૂહ દર્શન અને પ્રાર્થના કરવાનું ઠરાવ્યું.

સમાપન :-

Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

મુળદાસ ભુદરદાસ વૈશ્ય દલિતોમાં 'ગુરુજી'નું વહાલસોયું બિરુદ મેળવનાર એક મૂક સેવામુર્તિ હતાં. મુળદાસ વૈશ્યનું સામાજિક તથા રાજકીય અને રાષ્ટ્રીય આઝાદીની પ્રવૃતિઓમાં મહત્વનુ યોગદાન હતું ઉપરાંત તેઓ અન્ય સામાજિક સંસ્થાઓ સાથેનાં જોડાણ થકી પણ તેઓએ દારૂબંધી, વ્યસન મુક્તિ, બાળલગ્ન નિષેધ, કન્યા વિક્રય, નાતવરા, મરણ પછીનાં ખોટા ખર્ચાઓમાથી મુક્તિ, લાજપ્રથા , વેરભાવ વહેમો, કુરિવાજો અને કુધારાઓ, પિકેટિંગ, બાળશિક્ષણ અને કન્યા શિક્ષણની પ્રખર હિમાયત વગેરે જેવા સમાજ સુધારાઓની અનેક પ્રવૃતિઓમાં અગ્રેસર રહ્યા હતાં. તેઓ ચોથી અંત્યજ પરિષદ ૧૩ એપ્રિલ ૧૯૨૧ અમદવાદમાં તથા ૧૯૨૧નાં સમયનાં વણકર આશ્રમનાં ગૃહપતિ પણ રહ્યાં હતાં. મુળદાસ આઝાદીનાં આંદોલન સમયે ઇ.સ.૧૯૨૩માં ત્રણ મહિનાની મિલ હડતાળમાં પણ સક્રિય રહ્યાં હતાં. ઇ.સ.૧૯૨૫માં અમદાવાદ ખાતે મુળદાસ અને કેશવજી વાઘેલાનાં પ્રયાસોથી મહાગુજરાત દલિત (હરીજન) સંઘની સ્થાપના થઈ હતી અને આ સંઘનાં પ્રથમ પ્રમુખપદે મુળદાસ વૈશ્ય ૧૯૨૫ થી ૧૯૪૮ સુધી રહ્યાં હતાં. તેમજ તેઓ ૧૯૨૫ થી ૧૯૨૮ સુધી વડોદરાની ગાયકવાડ સરકારની ધારાસભામાં ત્રણ વર્ષ માટે દલિતોનાં પ્રતિનિધિ તરીકે હતાં ત્યારે તેમણે દલિત સમાજમાં ઘર કરી ગયેલાં કુરિવાજો ડામવા માટે વડોદરા રાજ્યની ધારાસભામાં વિવિધ ઠરાવો પસાર કરવી તેને નાબૂદ કરવાનાં પ્રયત્નો કર્યા હતાં.[૧૨] તેમજ ૧૯30ની ચળવળમાં દારૂબંધીનું પિકેટિંગ કરતાં એક માસની જેલ યાત્રા પણ ભોગવી હતી. ૧૯૩૬માં સમાજનાં ઉત્થાન માટે એક મહાપરિષદનું પણ આયોજન કર્યું હતું. તેઓ મુંબઈ બેકવર્ડ ક્લાસીસ બોર્ડનાં સભ્ય ઉપરાંત તેમણે આઝાદીની અંતિમ લડત સમાન ૧૯૪૨ની હિન્દછોડો લડતમાં પણ સક્રિય આગેવાની લીધી હતી. મૂળદાસ વૈશ્યના પુત્રવધુ સરિતાબેન અને પૌત્ર કેતુલભાઇની શાહપુર મુકામે રૂબરૂ મુલાકાત સમયે તેમણે જણાવ્યા મુજબ ગાંધીવાદી વિચારસરણી ધરાવતાં તેમનાં અનુયાયી મૂળદાસ ગાંધીજી સાથે ઘનિષ્ઠ સબંધો ધરાવતાં હતાં. તેમના જણાવ્યા મુજબ મૂળદાસે અનસૂયાબેન સાથે પણ કામ કર્યું હતું. મુળદાસ વૈશ્ય અમદાવાદ ટેલિફોન કંપનીના મેમ્બર પણ હતાં.[13] આઝાદી બાદ ૧૯૫૨ થી ૫૭ અને ૬૨માં પાર્લા મેન્ટમાં સભ્ય તેમજ ૧૯૬૦માં કોંગ્રેસ અધિવેશનમાં ઉપાધ્યક્ષ જેવા મહત્વનાં હોદ્દા ધારણ કરીને ૧૧ એપ્રિલ ૧૯૬૮નાં રોજ મુળદાસ વૈશ્યએ રાજકારણ અને જાહેર જીવનમાંથી નિવૃતિ જાહેર કરી હતી. પાટણવાડા પંચ તરફથી જ્ઞાતિ ભુષણનો સુવર્ણ ચંદ્રક મુળદાસ વૈશ્યને આપવામાં આવ્યો હતો. જે તેમનાં કામની અને સફળતાની પ્રગતિને આભારી હતું. દલિતોનાં પ્રશ્નોને વાચા આપીને ગાંધીમાર્ગે ન્યાય અપાવનારા આઝાદીનાં અણનમ યોધ્ધા એવા પ્રખર ગાંધીવાદી નેતા અદના

Vol. 05, Issue 03, July to December – 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

આદમી મુળદાસ વૈશ્યએ સૌ દલિત બંધુઓ અને ગાંધીજનો વચ્ચેથી ૧ ઓગષ્ટ ૧૯૭૭નાં રોજ કાયમ માટે વિદાય થયાં.

પાદનોંધ

1. **Kshirsagar P.K.(1994), Dalit Movement in india and its Leaders (1857-1956),P.354**
2. મહેતા મકરંદ, હિન્દુ વર્ણ વ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતનાં દલિતો, અમી પબ્લિકેશન, અમદાવાદ, ૧૯૯૫,પૃ.૧૬૨
3. વાઘેલા અરુણ, ગુરુજી: મૂળદાસ વૈશ્ય (૧૮૯૪-૧૯૭૭), આજનો ઇતિહાસ કોલમ દિવ્યભાસ્કર તા,૧૬/૦૮/૨૦૨૦ લેખનાં અંશોમાથી.
4. વૈશ્ય બ્રહ્મદત્ત (સંપા), ગુરુજી શ્રી મુળદાસ ભૂદરદાસ વૈશ્યનાં જીવન પ્રસંગો, હરિજન આશ્રમ ટ્રસ્ટ, અમદાવાદ, (૧૯૮૫), પૃ.૩,૪
5. ફડકે મામા આત્મકથા, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૩૧
6. વૈશ્ય બ્રહ્મદત્ત (સંપા), પૂર્વોક્ત, પૃ.૪૮,૪૯
7. વૈશ્ય મૂળદાસની હસ્તલિખિત ડાયરી,પૃ.૮૩
8. વૈશ્યબ્રહ્મદત્ત (સંપા), પૂર્વોક્ત, પૃ.૩૭.
9. ચાવડા મુકેશ, "ગુજરાતમાં દલિત નેતાગીરી: ઐતિહાસિક પરીપ્રેક્ષ્યમાં ૧૯૧૫ થી ૧૯૮૫", પીએચ.ડી.મહાશોધનિબંધ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર, ૨૦૧૭, પૃ.૧૫૬
10. વૈશ્ય મૂળદાસની હસ્તલિખિત ડાયરી, પૃ.૪૫
11. ચાવડા મુકેશ, પૂર્વોક્ત, પૃ.૧૫૬
12. વૈશ્ય બ્રહ્મદત્ત (સંપા), પૂર્વોક્ત, પૃ.૪૨
13. વૈશ્ય સરિતાબેન અને વૈશ્ય કેતુલભાઇની રૂબરૂ મુલાકાત (તા,૨૫/૦૮/૨૦૧૮-શુક્રવાર) સમયની ચર્ચાના અંશોમાથી.